1. સામાજિ કીકરણની પ્રક્રિયાને બાળકના સામાજિક અને સાંસ્કૃતિક જીવનનું ઘડતર કરતી પ્રક્રિયા તરીકે કેમ ઓળખવામાં આવે છે ?

➢ સામાજિકીકરણના પરિણામે વ્યક્તિ સમાજના સભ્ય તરીકે સામાજિક અપેક્ષાઓ મુજબ જીવન જીવતાં શીખે છે. સામાજિકીકરણબાળકને સમાજનાં ધોરણો, મૂલ્યો, લાગણીનો, ભૂમિકાઓ અને વર્તનપદ્ધતિ શીખવતી અનૌપચારિક પ્રક્રિયા છે. સામાજિ કીકરણ થતાં બાળક પોતાના સમાજના સાંસ્કૃતિક માળખામાં ગોઠવાય છે. સામાજિક અપેક્ષાઓ સંતોષવા તે સમર્થ બને છે. આમ, સામાજિ કીકરણ બાળકના સામાજિક અને સરકૃતિક જીવનનું ઘડતર કરતી પ્રક્રિયા છે.

2. કુટુંબને સામાજિ કીકરણનું પાયાનું અને અગત્યનું માધ્યમ શાથી ગણવામાં આવે છે ?

➢ બાળક સૌપ્રથમ કુટુંબના સંપર્કમાં આવે છે. કુટુંબ બાળકને સમાજનાં પાયાનાં મૂલ્યો, ધોરણો અને વર્તનવ્યવહારની રીતો શીખવે છે. બાળ કે ભવિષ્યમાં જે સામાજિક ભૂમિકાઓ ભજવવાની છે તે માટે કુટુંબ તેને તૈયાર કરે છે, આ માટે જરૂરી ટેવો, કોશલ્યો, જ્ઞાન તથા આવડતો તેનામાં કેળવે છે. કુટુંબ બાળકને સમાજના લોકાચાર, પરંપરા, રૂઢિ, રિવાજ વગેરેનું જ્ઞાન આપે છે. આથી કુટુંબને સામાજિકીકરણનું પાયાનું અને અગત્યનું માધ્યમ ગણવામાં આવે છે.

3. સમૂહ માધ્યમો લોકોનાં રાજકીય, આર્થિક, ધાર્મિક, નૈતિક વલણો અને વર્તન પર કઈ રીતે અસર પાડે છે ?

➢ સમૂહ માધ્યમોની સામગ્રી સમાજના વિશાળ સમુદાય સુધી એકસાથે પહોંચી શકે છે. આ માહિતી સમાજના દરેક સભ્યના જ્ઞાનમાં વધારો કરે છે. આધુનિક સમાજ સમૂહ માધ્યમો દ્વારા મંતવ્યો, મતમતાંતરો, માન્યતાઓ, આચારવિચારો, આદશ વગેરે લોકો સમક્ષ રજૂ કરીને તેમનું સામાજિક કરણ કરી શકે છે. આ માધ્યમો વિશાળ જનસંખ્યા વચ્ચે ઝડપી ચારવિનિમયની તકો પૂરી પાડે છે અને જાહેર લોકમત કેળવીને તેમને સામાજિક આંદોલન માટે તૈયાર કરે છે. આમ, સમૂહ માધ્યમો લોકોનાં રાજકીય, આર્થિક, ધાર્મિક, નૈતિક વલણો અને વર્તન પર અસર પાડે છે.

4. સભ્યતાની વ્યાખ્યા આપો.

➢ 'સભ્યતા' એટલે કોઈ એક જગ્યાએ પ્રાપ્ત કરેલી જીવનને લગતી એવી બધી જ બાબતોનો જથ્થો અને સામાજિક વ્યવસ્થા જે માનવીને માનવેતર સમાજથી જુદો પાડે છે. દા. ત., સિંધુ ખીણની સભ્યતા. સમાજશાસ્ત્રી મકાઈવરના મત મુજબ , 'સમાજનાં મૂલ્યાત્મક સર્જનો એ સંસ્કૃતિ છે, જ્યારે સમાજની સાધનાત્મક વ્યવસ્થા એ સભ્યતા છે.

5. 'ભૌતિક સંસ્કૃતિ' એટલે શું? તેમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે?

➢ જે પદાર્થોને આપણે નરી આંખે જોઈ શકીએ છીએ અને સ્પર્શી શકીએ છીએ એ બધાનો સમાવેશ 'ભૌતિક સંસ્કૃતિ'માં થાય છે. ભૌતિક સામગ્રીમાં યંત્રો, સાધનો, વાસણો, મકાનો, માર્ગો, પુલ, કલાકૃતિ, વસ્ત્રો, વાહનો, રાચરચીલું, ખાદ્યસામગ્રી, દવાઓ વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

6. પ્રત્યાયનનાં માધ્યમો જણાવો.

➢ પ્રત્યાયનનાં માધ્યમોમાં અખબાર, સામયિક, ટેલિવિઝન, ઇન્ટરનેટ, મોબાઇલ ફોન, ફિલ્મો, રેડિયો વગેરે પ્રત્યાયનનાં માધ્યમો છે.

7. સંસ્કૃતિનાં લક્ષણો જણાવો.

➢ સંસ્કૃતિનાં લક્ષણો આ પ્રમાણે છે : (1) સંસ્કૃતિ જીવનશૈલી છે. (2) સંસકૃતિ એ શીખેલી વર્તણૂક છે, (3) સંસ્કૃતિ માનવીના સમાજજીવનની આગવી પેદાશ છે, (4) સંસ્કૃતિ સાતત્ય, વિકાસશીલતા અને પરિવર્તનશીલતા ધરાવે છે. (5) સંસ્કૃતિ હસ્તાંતરિત થઈ શકે છે. તથા (6) સંસ્કૃતિનો સંચય થાય છે.

8. માનવી સામાજિક પ્રાણી તરીકે કેમ ઓળખાય છે?

➢ વ્યક્તિ અને સમાજ પરસ્પર સંબંધિત છે. વ્યક્તિ વિનાના સમાજની કલ્પના થઈ શકતી નથી. સમાજ વગર માનવીની સભ્યતા કે સંસ્કૃતિ અસ્તિત્વ ધરાવી શકતી નથી. સંસ્કૃતિ માનવસમાજનું આવશ્યક લક્ષણ છે. માનવીના સામાજિક સંબંધોની રચના સંસ્કૃતિ દ્વારા જ થાય છે. ધર્મ, ભાષા, રીતરિવાજો, સંસ્થાઓ, ધોરણો, મૂલ્યો, આદર્શો, કાયદા વગેરે સંસ્કૃતિનાં વિવિધ તત્ત્વો માનવીનું સામાજિક જીવન શક્ય બનાવે છે. આમ, માનવી સામાજિક પ્રાણી તરીકે ઓળખાય છે.

9. અભૌતિક સંસ્કૃતિમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે?

➢ અભૌતિક સંસ્કૃતિમાં સંસ્થાઓ અને વિચારોનો સમાવેશ થાય છે. લોકાચાર, રૂઢિ, રિવાજો, લોકરીતિઓ, શિરસ્તા, શિષ્ટાચાર, ષેધ, ફેશન, ધર્મક્રિયા, વિધિ, કાયદાઓ, નિયમો વગેરે સંસ્થાના ઘટકો છે. માનવીની માન્યતાઓ, સત્યો, કલ્પનાઓ, લોકકથાઓ, દંતકથાઓ, સામાજિક મૂલ્યો, વ્યાવહારિક જ્ઞાન તેમજ વિજ્ઞાન, સાહિત્ય, સૌદર્ય વિશેના ખ્યાલો વગેરે વિચારોના ઘટકો છે.

10.સામાજિક કરણના અન્ય વાહકો જણાવો.

➢ વ્યક્તિનું કાર્યસ્થળ સામાજિકીકરણ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. વ્યવસાય કે નોકરી માટે વ્યક્તિએ જુદાં જુદાં સ્થળોએ જવાનું હોય છે. કારખાનું, ઓફિસ, બજાર વગેરે સ્થળો પણ સામાજિકીકરણની પ્રક્રિયામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આધુનિક ઔદ્યોગિક સમાજમાં શિક્ષણ અને વિજ્ઞાનના વિકાસને કારણે શહેરોમાં પુરુષો અને મહિલાઓમાં સામાજિકીકરણ ઝડપથી થાય છે.